# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે બનાસકાંઠાના સુઈગામમાં પૂરથી અસરગ્રસ્ત થયેલા લોકો સાથે મુલાકાત કરશે.**
2. **રાજ્યમાં આ વર્ષે નવા 200 સ્થાયી પશુ દવાખાના સ્થાપવાની મંજૂરી અપાઈ**
3. **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું , વર્ષ 2029 સુધી સાણંદમાં કોઈ પણ ગામ પાયાની સુવિધાથી વંચિત નહીં રહે તેવું કામ કરાશે.**
4. **રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યું - આજે છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી.**
5. **એશિયા કપ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં યજમાન UAEને હરાવી ભારતનો વિજયી પ્રારંભ.**

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# BANASKANTHA BACHAV KAMGIRI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે બનાસકાંઠાના સુઈગામ તાલુકામાં પૂરથી અસરગ્રસ્ત થયેલા લોકો સાથે મુલાકાત કરશે. જિલ્લામાં રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ- **NDRF**, રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ – **SDRF** ઉપરાંત વિવિધ ટુકડીઓ દ્વારા એક હજાર **678** થી વધુ લોકોને બચાવી તેમને સલામત સ્થળે ખસેડાયા હતા. સાથે જ ગામડાઓમાં ખાદ્યસામગ્રીના પડીકાં, પાણી સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે.

## (V/C- SAVAJI CHAUDHARI)

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા બનાસકાંઠા, પાટણ અને કચ્છ જિલ્લામાં વરસેલા ભારે વરસાદને લઈ રાહત અને બચાવની સઘન કામગીરી હાથ ધરાઈ છે.

---

# PASHU DAVAKHANA

રાજ્યમાં પશુ સારવાર સેવાને વધુ સુદ્રઢ બનાવવા આ વર્ષમાં નવા **200** સ્થાયી પશુ દવાખાના સ્થાપવાની મંજૂરી અપાઈ છે. ગુજરાત વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં ગઈકાલે પશુપાલન મંત્રી રાઘવજી પટેલે કહ્યું, ગત ત્રણ વર્ષમાં કુલ **255** નવા સ્થાયી પશુ દવાખાના સ્થાપવામાં આવ્યા છે. જ્યારે કચ્છમાં બે વર્ષમાં કુલ **12** નવા સ્થાયી પશુ દવાખાના બનાવાયા છે. ઉપરાંત જિલ્લામાં **373** પશુ આરોગ્ય મેળા થકી બે લાખ **24** હજારથી વધુ પશુને સારવાર અપાઈ છે.

હાલ કચ્છમાં એક પશુચિકિત્સક પૉલિટૅક્નિક, **47** પશુ દવાખાના, **29** પ્રાથમિક પશુ સારવાર કેન્દ્ર અને **32** મૉબાઈલ પશુ દવાખાના મળીને કુલ **109** એકમ દ્વારા પશુઓને સારવાર અપાઈ રહી હોવાનું શ્રી પટેલે જણાવ્યું.

---

# KARKHANA DHARA VIDHEYAK PASS

ગુજરાત વિધાનસભા ગૃહમાં ગઈકાલે કારખાના ધારા ગુજરાત સુધારા ખરડો 2025 સર્વાનૂમતે પસાર કરાયો. ખરડો રજૂ કરતા શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું, આ સુધારાથી મહિલાઓને રાત્રિપાળીમાં તેમની સંમતિથી કાયદેસર કામ કરવાની તક મળશે.

નવી જોગવાઈ મુજબ, વિરામ સાથે દરરોજના 12 કલાક, પણ સપ્તાહના માત્ર 48 કલાક જ કામ કરવાની મંજૂરી આપી શકાશે.

## (બાઈટઃ બળવંતસિંહ રાજપૂત, શ્રમ અને રોજગાર મંત્રી)

---

# GUJ VIDHANSABHA

પંદરમી ગુજરાત વિધાનસભાનું સાતમું સત્ર ગઈકાલે પૂર્ણ થયું. ત્રણ દિવસના સત્ર દરમિયાન ગૃહમાં પાંચ સરકારી ખરડા પસાર કરાયા. ઉપરાંત ગૃહમાં મૌખિક જવાબ માટેના કુલ એક હજાર 225 તારાંકિત પ્રશ્નના જવાબ રજૂ થયા. તે પૈકી 29 પ્રશ્ન પર ગૃહમાં મૌખિક ચર્ચા થઈ.

સત્રમાં સભાગૃહની કુલ ત્રણ બેઠક મળી. તેમજ વિવિધ સમિતિના કુલ નવ અહેવાલ ગૃહના મેજ પર મુકાતા ગૃહે 15 કલાક 56 મિનિટ કામ કર્યું. સત્રમાં કુલ 53 સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો. સત્ર દરમિયાન કુલ સાત સ્વર્ગસ્થ મહાનુભાવના અવસાન અંગે ગૃહમાં શોકદર્શક ઉલ્લેખ પણ કરાયા.

આ સત્રમાં "ઑપરેશન સિન્દૂર"ની સફળતા માટે વડાપ્રધાનશ્રીને અભિનંદન પાઠવવા અંગે, વસ્તુ અને સેવા કર – **GST** દરના પ્રજાલક્ષી રિફૉર્મ્સ માટેના વડાપ્રધાનશ્રીને અભિનંદન પાઠવવા અંગેનો પ્રસ્તાવ ગૃહમાં સ્વીકાર કરાયો. જ્યારે વૉકલ ફૉર લૉકલ અંગેના છેલ્લા દિવસના પ્રસ્તાવ પર ચર્ચા-વિચારણા થઈ, એમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## AMIT SHAH SANAND

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ખાતરી આપી કે, વર્ષ **2029** સુધી સાણંદ વિધાનસભા વિસ્તારનું કોઈ પણ ગામ પાયાની સુવિધાથી વંચિત નહીં રહે તેવું કામ કરાશે. અમદાવાદના સાણંદમાં ગઈકાલે વિવિધ વિકાસકાર્યોનું વર્ચ્યૂઅલ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા શ્રી શાહે આ વાત કહી. તેમણે કહ્યું, બાવળા અને સાણંદ નગરપાલિકામાં બાકી રહેલી સુવિધા આગામી ચાર વર્ષમાં અપાશે.

**(બાઈટઃ અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)**

આ પ્રસંગે શ્રી શાહે લોકોને એક પેડ મા કે નામ અભિયાન હેઠળ વૃક્ષારોપણ કરવા પણ અનુરોધ કર્યો.

---

## WEATHER FORECAST

રાજ્યમાં વરસાદનું જોર ઘટવાની વચ્ચે હવામાન ખાતાએ આજે સમગ્ર રાજ્યમાં છૂટાછવાયા સ્થળ પર હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

જ્યારે 15 તારીખ પછી દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. દરમિયાન માછીમારોને 13 તારીખ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

બીજી તરફ, રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ વરસાદ 108 ટકા સુધી પહોંચ્યો છે. તેમાં પણ સૌથી વધુ 136 ટકા જેટલો વરસાદ કચ્છમાં નોંધાયાના અહેવાલ છે. હાલ રાજ્યમાં 138 બંધ હાઈ અલર્ટ અને 19 બંધ અલર્ટ પર છે. જ્યારે 105 બંધ 100 ટકા ભરાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં પણ જળસંગ્રહ 91 ટકા જેટલો થયો છે.

---

## GST REFORMS EDUCATION

વસ્તુ અને સેવા કર- GST પરિષદે કરમાળખામાં ફેરફાર કરવાના નિર્ણયને સમગ્ર દેશમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. કેન્દ્ર સરકારે સ્ટેશનરીની ચીજવસ્તુઓને GST દરમાંથી મુક્તિ આપીને શિક્ષણ ક્ષેત્ર માટે મોટી રાહતની જાહેરાત કરી છે.

નવા સુધારા હેઠળ, પૅન્સિલ, નકશા અને ચાર્ટ જેવી વસ્તુઓને અગાઉના 12 ટકા GSTમાંથી મુક્તિ અપાઈ છે. જ્યારે રબર પર GST પાંચ ટકાથી ઘટાડીને શૂન્ય કરાશે. આ સુધારા અંગે રાજકોટના સ્ટેશનરી વિક્રેતા કિરીટ મહેતાએ પ્રતિક્રિયા આપી.

**(બાઈટઃ કિરીટ મહેતા, વેપારી)**

---

## ASIA CUP INDIA UAE

દુબઈમાં એશિયા કપ ક્રિકેટ ટૂર્નામૅન્ટ 2025ની ગૃપ-એ મૅચમાં ભારતે ગઈકાલે યજમાન સંયુક્ત આરબ અમિરાત-UAEને નવ વિકેટથી હરાવ્યું. ભારતે ટૉસ જીતીને

પહેલા બૉલિંગ કરવાનો નિર્ણય કરતાં UAEની ટીમ 13 ઑવર અને એક બૉલમાં 57 રનમાં આઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ ભારતે માત્ર ચાર ઑવર અને ત્રણ બૉલમાં એક વિકેટ ગુમાવી મૅચ જીતી લીધી.

ભારતના અભિષેક શર્માએ ભવ્ય પ્રારંભ કર્યો. જ્યારે શુબમન ગિલે અણનમ 20 રન બનાવ્યા. ભારતના કુલદીપ યાદવે ચાર વિકેટ લીધી. જ્યારે પાર્ટ ટાઈમર શિવમ દુબેએ માત્ર 10 બૉલમાં ત્રણ વિકેટ લીધી. તો જસપ્રીત બુમરાહે UAEના બૅટ્સમેન અલિશાન શરફૂને આઉટ કર્યા.

---

## DWARKA PEOPLE IN NEPAL

નેપાળમાં વિરોધ પ્રદર્શન વચ્ચે દેવભૂમિદ્વારકા જિલ્લાના ચાર લોકો નેપાળમાં ફસાયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે, ખંભાળિયા તાલુકાના ફસાયેલા આ તમામ લોકો હાલ કાઠમાંડુની એક હૉટેલમાં રોકાયા છે.

---

## RAJKOT NUMBER NEPAL

નેપાળ ગયેલા રાજકોટ જિલ્લાના નાગરિકોની મદદ માટે ભારતીય દૂતાવાસ અને રાજકોટ જિલ્લા કન્ટ્રોલ રૂમ દ્વારા ઇમરજન્સી નંબર જાહેર કરાયા છે. લોકો મદદ માટે +977-9808602881, +977-9810326134 નંબર તેમજ રાજકોટ જિલ્લાના કન્ટ્રોલ રૂમ નંબર 0281-2471573 પર સંપર્ક કરી શકશે તેમ જિલ્લા વહીવટીતંત્રની યાદીમાં જણાવાયું છે.

---